જન્મભૂમિ પ્રવાસી રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૦૭ ટપાલની આવૃત્તિ સોમવાર, તા. ૧૫-૧૦-૨૦૦૭

# ભ્રષ્ટાચાર, તારી બલિહારી

જશવંત બી. મહેતા

ભ્રષ્ટાચારની ગંગા ચારે બાજુ વહે છે. આજે કોઇ ક્ષેત્ર ભ્રષ્ટાચારથી બચ્યું હોય એવું લાગતું નથી. ભ્રષ્ટાચારની ઉધઇએ અનેક દેશોને કોરી ખાધા છે. લોકોનું જીવવું હરામ કરી દીધું છે. ભ્રષ્ટાચાર અને રાજકારણને પણ જૂનો નાતો છે. ભ્રષ્ટ રાજકારણીઓ કેવી રીતે દેશને પાયમાલ કરી રહ્યા છે, એ જગજાહેર છે. આ ભ્રષ્ટાચાર, રાજકારણીઓ અને સરમુખત્યારશાહી અંગેનાં કેટલાંક વેધક અને સચોટ સત્ય અહીં રજૂ કર્યાં છે, તેને મમળાવીએ.

ο જો ભ્રષ્ટાચારને રોકવામાં ન આવે તો તે કેન્સરની જેમ ફેલાય છે.

ο ભ્રષ્ટ અમલદારો ભ્રષ્ટ રાજકારણીઓની કુરનિશ બજાવે છે.

ο ભ્રષ્ટ અમલદારો ભ્રષ્ટ રાજકારણીઓના પગલે ચાલે છે.

ο રાજકારણીઓ પાસે તેમના ભ્રષ્ટાચારને છાવરવા સેંકડો બહાનાં હોય છે.

ο ભ્રષ્ટાચાર પ્રામાણિક નાગરિકોને અપ્રામાણિક બનાવે છે.

ο ભ્રષ્ટાચારને અટકાવવા પ્રામાણિક અને સીધા માણસોની કદર કરો, તેમનું બહુમાન કરો.

ο અપ્રામાણિક વેપારી અને ભ્રષ્ટ અમલદારો એક સિક્કાની બે બાજુ છે.

ο ભ્રષ્ટાચાર દેશના ચારિત્ર્યબળને નીચું પાડે છે.

ο ભ્રષ્ટાચારને સહન કરવો એ સમાજની અધઃપતનની નિશાની છે.

ο નિયંત્રણો અને સંતુલનોની પદ્ધતિ ભ્રષ્ટાચારને અંકુશમાં લેવાની પૂર્વ શરતો છે.

ο ભ્રષ્ટાચારને ક્યારેય નાબૂદ નહીં કરી શકાય, પરંતુ તેને લઘુતમ સ્તરે જરૂર લાવી શકાય.

## લોકશાહી

માણસની ન્યાય માટેની ક્ષમતા લોકશાહીને શક્ય બનાવે છે, પરંતુ માણસનો અન્યાય તરફનો ઝોક લોકશાહીને આવશ્યક બનાવે છે.

ο લોકશાહીની સફળતાનો આધાર નિયંત્રણો અને સંતુલનો પર છે.

ο અમલદારોનો ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતા તેમ જ રાજકારણીઓની ત્રુટિઓ, દંભ અને ભૂલોને કારણે મોટા ભાગે લોકોનો લોકશાહીમાંથી વિશ્વાસ ઊઠી જાય છે.

ο લોક કલ્યાણ માટે રાજાની આપખુદશાહી જેટલી ખતરનાક નથી એટલી ખતરનાક લોકોની લોકશાહી પ્રત્યેની ઉદાસીનતા છે.

ο મતદારોની ઉદાસીનતા પણ ખરાબ લોકશાહી માટે એટલી જ જવાબદાર છે.

ο વિધાયક સત્તા અને વહીવટી સત્તાને અલગ પાડવાનું ધ્યેય કોઇ પણ લોકશાહીનું હોવું જોઇએ.

ο વિધાયક સત્તા, વહીવટી સત્તા અને ન્યાયતંત્ર લોકશાહીના ત્રણ મુખ્ય આધારસ્તંભ છે.

ο ભ્રષ્ટ ન્યાયતંત્ર એ લોકશાહીનું આખરી તરણું છે.

## લોકશાહી (ભારતમાં)

ο એક વહીવટી અંધાધૂંધી

ο બદમાશો અને ભ્રષ્ટ લોકોમાંથી નેતા ચૂંટી કાઢવા માટેનો મતાધિકાર

ο એમ કહેવાય છે કે લોકશાહીએ લોકોની, લોકો માટે અને લોકો વડે ચાલતી વ્યવસ્થા, અહીં 'લોકો'ની જગ્યાએ 'રાજકારણીઓ' લખવું જોઇએ.

## સરમુખત્યારશાહી

ο સરમુખત્યારશાહીનો મતલબ નિયંત્રણો વિનાની સત્તા.

ο લોકશાહીમાં લોકોનો ભ્રમ ભાંગી જાય ત્યારે ઘણી વાર સરમુખત્યારશાહીનો ઉદય થતો હોય છે.

ο સરમુખત્યારશાહી એવા જંબૂરાઓને પાળે છે કે જેઓ સરમુખત્યાર સાથે મળીને સત્તા ભોગવવા આતુર હોય છે.

ο સરમુખત્યારશાહી જાહેર જીવનના શ્રેષ્ઠ અને સર્જનાત્મક લોકોનો મૃત્યુઘંટ વગાડે છે.

ο સરમુખત્યારશાહી છેવટે તેમના જ ખુશામતખોરોનો ભોગ બને છે.

ο સરમુખત્યારશાહીનો મતલબ જ સ્વાતંત્ર્યનું ગળું ઘોટવું.

ο જો કોઇ સરમુખત્યાર ભલો હોય તોપણ તેના અનુગામી એવા હોય એ જરૂરી નથી.

ο બધા પ્રકારની સત્તા ભ્રષ્ટાચારને પોસે છે અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણ રીતે ભ્રષ્ટાચારને પોસે છે.

ο રોગ કરતાં ઇલાજ વધુ ખતરનાક.

ο સરમુખત્યારો તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા મહત્તમ બળનો ઉપયોગ કરે છે.

## રાજકારણ

ο રાજકારણમાં અજાણ્યા અને અણગમતા માણસોનો પનારો પડે છે.

ο રાજકારણ એ ગંદી રમત છે, પરંતુ સ્વચ્છ અને પ્રામાણિક લોકોના સહભાગથી જ તેને સ્વચ્છ કરી શકાય છે.

ο જો બુદ્ધિશાળી લોકો સ્થાપિત હિત વિના રાજકારણમાં પ્રવેશે તો કોઇ પણ દેશનું ભવિષ્ય ઘણું ઊજળું બની શકે.

## રાજકારણ (ભારતમાં)

ο અહીંના રાજકારણીઓનો ઉદ્દેશ માત્ર મત મેળવવાનો જ હોય છે અને એ હેતુને ધ્યાનમાં રાખીને જ તેઓ વિવિધ પગલાં જાહેર કરે છે.

ο ચૂંટણીઓ પહેલાં તેઓ આપણા નોકર હોવાનો ઢોંગ કરે છે, પરંતુ એકવાર ચૂંટાઇ આવ્યા બાદ તેઓ આપણા સત્તાધીશો કે બોસની જેમ વર્તે છે. જાણે તેમને સંપત્તિ રોકડી કરવાનું લાઇસન્સ મળી જાય છે.

ο લોકોની સેવા કરવાની વાત તેમના એજન્ડા પર છેલ્લે હોય છે અને તેમનું સપનું કોઇ પણ ભોગે 'પ્રધાનની ગાદી' મેળવવાનું હોય છે.

ο જાણે કે જુદી જુદી બાટલીઓમાં એક જ પ્રકારનો દારૂ.

ο રાજકારણીઓની જમાતમાંથી પ્રામાણિક રાજકારણી ખોળી કાઢવા માટે તમને માઇક્રોસ્કોપની જરૂર પડે છે.